## આણંદ કૃષિ યુનિવર્સિટી,

## આણંદ

વંચાણે લીધોઃ- સેકશન અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃપરચ/૧૨૨૧/૩૪/મ.૩, તા.૩૦-૦૧-૨૦૨૧.

## <u>પ રિ પ ત્ર</u>

આણંદ કૃષિ યુનિવર્સિટીના અપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારીઓને જણાવવાનું કે, The right to information Act 2005 હેઠળ અરજદારો દ્રારા ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ બીજી અપીલ/ ફરીયાદ દાખલ કરવામાં આવે છે. બીજી અપીલ/ફરીયાદના આધારે આયોગ દ્રારા સુનાવણીની નોટીસ કાઢી તે અપીલ/ફરીયાદનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે. પ્રવર્તમાન પધ્ધતિ મુજબ નોટીસ અને હુકમ પક્ષકારોને ટપાલ દ્રારા મોકલવામાં આવે છે. જેમાં ઘણો સમય વ્યતિત છે. અને ખર્ચ પણ વધારે આવે છે. જો નોટીસ અને હુકમો પક્ષકારોને E-mail Address પર મોકલવામાં આવેતો સમય અને ખર્ચની બચત થશે અને પક્ષકારોને તરત જ હાથવગી જાણકારી મળશે. હાલમાં આયોગ દ્રારા કોમ્પ્યુટરાઇઝેશનના ભાગરૂપે RIMS પર કામગીરી બજાવે છે આયોગે તમામ કામગીરીનું ડીઝીટાઇઝેશન કરવાનું ઠરાવેલ હોઇ વંચાણે લીધેલ પત્રથી સરકારશ્રી તરફથી આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રથમઅપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારીઓના ઓફીશીયલ એલોટ થયેલ ઇ-મેઇલ એડ્રેસની હાર્ડ તેમજ સોફટ કોપી માંગેલ હોઇ સદરહું માહિતી આ કચેરીને દિન-૨માં મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી સરકારશ્રીને સમય મર્યાદામાં માહિતી મોકલી શકાય. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

જા.નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.ર/ ૧૪૮૯ /૨૦૨૧
તા. ૧૨/૦૨/૨૦૨૧

કુલસચિવ

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.</u>

આ યુનિવર્સિટીના સર્વે પ્રથમઅપીલ અધિકારી તેમજ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.